# Shree Vasishtha Vidhyalaya

## Gujarati Worksheet 2026-27

Name : - ______________________ Std.:- III - ________

Roll No. :-________ Worksheet No.: TA1-05 Date : - ______________

**સર્જનાત્મક : ગદ્યાંશ**

એક ગામમાં રવિ નામનો એક નાનો છોકરો રહેતો હતો. રવિ ખૂબ જ હોશિયાર હતો, પરંતુ તેને ભણવામાં મહેનત કરવી ગમતી નહોતી. એક દિવસ શિક્ષકે વિદ્યાર્થીઓને કહ્યું, આવતા અઠવાડિયે પરીક્ષા છે. રોજ થોડો સમય મહેનત કરીને અભ્યાસ કરજો. રવિએ વિચાર્યું, "હું તો હોશિયાર છું. મને ભણવાની જરૂર નથી." પરીક્ષાના દિવસે રવિ ઘણા પ્રશ્નોના જવાબ આપી શકયો નહીં. તેને ખૂબ દુઃખ થયું. તેના મિત્રએ કહ્યું, માત્ર હોશિયાર હોવું પૂરતું નથી, સફળ થવા માટે મહેનત પણ જરૂરી છે.

**પ્ર-૧** ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેના વાકયો '✓' કે 'X' છે તે જણાવો.

૧) રવિ ખૂબ જ હોશિયાર હતો. (✓)

૨) રવિને ભણવામાં મહેનત કરવી ગમતી નહોતી. (✓)

૩) એક ગામમાં મોહન નામનો છોકરો રહેતો હતો. (X)

૪) સફળ થવા માટે મહેનત પણ જરૂરી છે. (✓)

૫) શિક્ષકે કહ્યું આવતા મહીને પરીક્ષા છે. (X)

**પ્ર-૨** નીચેની ખાલી જગ્યા પૂરો.

૧) ગામના લોકો ઘણા ……સુખી…… હતાં.

૨) ઘરમાં કે બહાર બધી જગ્યાએ ……ઉંદરો…… ની વસ્તી વધવા લાગી.

૩) ગામના લોકો અતિ ……પ્રસન્ન…… થઈ જાય છે.

૪) ગુલાબનો ગોટો ……નાના…… છોડે મહેકી ઊઠે છે.

૫) ……ખારા…… જળથી દરિયો ભરિયો છે.

**પ્ર-૩** સમાનાર્થી શબ્દ લખો.

૧) ભેટ - ઈનામ ૪) ચરણ - પગ ૭) કર - હાથ

૨) અચરજ - નવાઈ ૫) રસ્તો - માર્ગ ૮) દુનિયા - જગત

૩) વન - જંગલ ૬) દિન - દિવસ

**પ્ર-૪** નીચેની જોડણી સુધારો.

૧) વાંસરી - વાંસળી ૪) ભુલ - ભૂલ ૭) મુરખ - મૂરખ

૨) ચાંદિ - ચાંદી ૫) ગંટારવ - ઘંટારવ ૮) દરીયો - દરિયો

૩) મિઠા - મીઠા ૬) જિવન - જીવન

## મૂળભૂત ગણતરી :

**પ્ર-૧ પહેલાંની સંખ્યા લખો.**

| | | |
|---|---|---|
| ૧) ......૪૨...... ૪૩ | ૪) ......૩૩...... ૩૪ | ૭) ......૩૭...... ૩૮ |
| ૨) ......૩૧...... ૩૨ | ૫) ......૪૦...... ૪૧ | ૮) ......૨૩...... ૨૪ |
| ૩) ......૪૪...... ૪૫ | ૬) ......૩૫...... ૩૬ | ૯) ......૪૮...... ૪૯ |

**પ્ર-૨ નીચે આપેલા અંકોને ચિત્ર સાથે બાદબાકી કરી જવાબ શબ્દમાં લખો.**

૧) ૩૭ - ......૩...... ☺☺☺ = ......ચોત્રીસ......

૨) ૪૬ - ......૬...... ☼☼☼☼☼☼ = ......ચાળીસ......

૩) ૩૩ - ......૨...... ▯▯ = ......એકત્રીસ......

૪) ૪૪ - ......૫...... ☆☆☆☆☆ = ......ઓગણચાળીસ......

## વ્યાકરણ:

**પ્ર-૧ નીચેના શબ્દોના વચન બદલો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સિકકો | - સિક્કા | ૬) રક્ષકો | - રક્ષક |
| ૨) છોકરીઓ | - છોકરી | ૭) બચ્ચું | - બચ્ચાં |
| ૩) માણસ | - માણસો | ૮) સિંહ | - સિંહો |
| ૪) બાળક | - બાળકો | ૯) કૂતરો | - કૂતરા |
| ૫) ઉંદરો | - ઉંદર | ૧૦) બહેન | - બહેનો |

**કવિતા (મૌખિક) -** હું ઘોડા ગાડી વાળો, મારો ઘોડો ઘણો રૂપાળો....

હું ઘોડાગાડી વાળો,
મારો ઘોડો ઘણો રૂપાળો.
મારો ઘોડો ઘણો રૂપાળો ...... હોજી,
હું ઘોડાગાડી વાળો....... હો.......હો.....
મારી ગાડીના બબ્બે પૈંડા,
એમા બેસે બાળક ઘરડા.
એ તો ખણ ખણ ઘૂંઘરા વાળો,
મારો ઘોડો ઘણો રૂપાળો.
મારો ઘોડો ઘણો રૂપાળો ...... હોજી,
હું ઘોડાગાડી વાળો....... હો.......હો.....



મારી આ ચાબુક ચબાક વાગે.
ઘોડો ભડકે ને ઝટ ભાગે.....
એ તો કાળા ચાઠા વાળો,
મારો ઘોડો ઘણો રૂપાળો.
મારો ઘોડો ઘણો રૂપાળો ...... હોજી,
હું ઘોડાગાડી વાળો....... હો.......હો.....
ચલ બે ચલ ટેશને આયા,
તુ ને ન ખાયા, મેને ન ખાયા,
તુઝે ઘાસ ખીલાઉં, તુઝે પાની પીલાઉં,
તું તો છે. બહુ નખરાળો.
મારો ઘોડો ઘણો રૂપાળો.

ટેશન - સ્ટેશન (કવિતામાં 'ટેશન' નો ઉચ્ચાર કરવો.)